**બી.-૧૬૫, વિક્રમસિંહજી કોમ્પલેક્ષ, પહેલા માળે, ગોંડલ મો.૯૭૨૬૬ ૨૧૨૬૭**

### -:: જાહેર નોટીસ ::-

**આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ વી.આર.ચાવ રહે.અમરેલી. ૮ રામનગર, બ્રાહ્મણ સોસાયટી પાસે, લાઠી રોડ, અમરેલી, તા.જી.અમરેલી અમરેલીવાળા આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જણાવીએ છીએ કે,**

**અમારા અસીલ મોજે ધારી, જી.અમરેલીના ધારી ગામની સીમની ખેતીની જમીન જેના સર્વે નં.૭૨૩ પૈકી ૧ આવેલી છે જે હે.આરે. ૨-૧૦-૪૪ ચો.મી. જેનો આકાર ૪.૨૯ છે. જેનો ખાતા નં.૪૫૨૧ ધરાવીએ છીએ આ ખેતીની જમીન તેઓએ રજી.દસ્તાવેજથી ખરીદેલી છે અને ધારીના મામલતદાર કચેરીમાં મામલતદાર સાહેબની ઇ-ધારા કચેરીનાં રેકર્ડમાં શ્રી હસમુખલાલ અમૃતલાલ ત્રિવેદી રહે.ઉનાવાળાના ખાતે ચાલે છે આ ઉપરોક્ત સર્વે નંબરવાળી ખેતીની જમીન અમારા અસીલ રજી.વેચાણ દસ્તાવેજથી ખરીદવા માંગે છે તો આ ખેતીની જમીનમાં કોઇનો હક્ક, હિસ્સો, લાગ ભાગ કે લીયન કે રસ્તા બાબતે કોઇપણનો કોઇ અન્ય રીતે હક્ક, હિસ્સો સમાયેલો હોય તો દિન-૭ માં અમારા સરનામે લેખીતમાં દસ્તાવેજી પુરાવાઓ સાથે રજુ કરશો. મુદત વિત્યે અમારા અસીલ આ ખેતીની જમીનનો પાકો દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઇના વાંધા, તકરાર ગ્રાહ્ય રહેશે નહી જેની આ જાહેર નોટીસથી નોંધ લેશો.**

**તારીખ : ૦૬-૦૨-૨૦૨૪**
**સ્થળ : અમરેલી**

**અમારા અસીલની સુચનાથી**

### -:: જાહેર નોટીસ અને જાહેર ચેતવણી ::-

**આથી અમો નીચે સહી કરનાર કુંદનબેન સંજયભાઇ બગડા રહે.પોસ્ટ ઓફીસ પાસે, જુના કડીયાળી રોડ, મુ.રાજુલા, જી.અમરેલી ના જાહેર જનતાને આ નોટીસ આપી જણાવીએ છીએ કે, અમારા પતિ સંજયભાઇ કાનજીભાઇ બગડા છે તેઓની માતા ખુમાણ પ્રભાબેન કાનજીભાઇ રહે.વાંશીયાળી, તા.સાવરકુંડલાનાઓને મોજે રાજુલા (જુનો કડીયાળી રોડ) જી.અમરેલીના સીટી સર્વે નં.૩૦૦૦/બ/૧૩ જેના પ્લોટ નં.૧૩ છે અને જેનું ક્ષેત્રફળ ૧૬૮.૦૦ છે સદર નામ વાળા પ્રભાબેન મારા સાસુ થાય છે અને અમો કુંદનબેન તેઓના પુત્રવધુ છીએ.**

**પરંતુ સદર જણાવેલ ખુલ્લો પ્લોટ તે મારા સાસુ પ્રભાબેન અન્ય કોઇને વેચાણ કરી આપવાની પેરવીમાં છે અને સદર પ્લોટમાં અમો તેમના દિકરાની વહુ હોવાના લીધે અમારો હક્ક, હિત સમાયેલ છે. તેમજ સદર જણાવેલ પ્રભાબેન મારા સાસુ તથા મારા પતિ સંજયભાઇ કાનજીભાઇ બગડા તથા મારા સસરા અને નણંદનાએ અમોને ત્રાસ આપીને ત્યાગ કરેલ છે જેથી અમો રાજુલા ખાતે અમારા પિતા મનુભાઇ ખોડાભાઇ વિંઝુડાના ઘેર રહીએ છીએ અને હાલ મારા પતિ-સાસુએ મારો ત્યાગ કરેલ હોવાથી અમો સદર જણાવેલ મારા સાસુના નામની મિલ્કત કે જેમાં અમો નોટીસ આપનાર અને મારા પતિનો કાયદેસર હક્ક, હિસ્સો સમાયેલ છે જેથી તેમાં રહેવા માટે અમો કાયદેસર પુરો હક્ક અને અધિકાર ધરાવીએ છીએ. અને સદર પ્લોટમાં અમો છત બનાવીને રહેવા માંગીએ છીએ અને હાલ સદર પ્લોટ અમારા કબજામાં હોય જેથી આ સદર જણાવેલ પ્લોટને કોઇએ વેચાણ કે ભાડે કે લાયસન્સ કે કોઇપણ રીતે વહેવાર / તબદીલ કરવો નહી કે તે પ્લોટમાં કોઇએ પ્રવેશ કરવો નહી અન્યથા અમો કાયદેસર કાર્યવાહી કરીશુ જેની ગંભીર અને સ્પષ્ટ નોંધ લેવા આ જાહેર નોટીસ આપીએ છીએ.**

**સ્થળ : રાજુલા**
**તારીખ : ૦૬-૦૨-૨૦૨૪**

**લી.કુંદનબેન એસ.બગડા**

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...

- કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

MARUTI SUZUKI ARENA
VITARA BREZZA


Sale Helpline: 99046 49999 | Service Helpline: 99045 49999
Alpha Autolink
મારૂતિ સુઝુકી
(ઓથોરાઇઝ્ડ ડીલર)
લાઠી રોડ બાયપાસ
અમરેલી

સ્પે. કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન
કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ

પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફ્લાઇટ બુકિંગ • વિઝા
મિથ્સ હોલીડેઝ
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફ્લોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી

ગુલાબી ઠંડીના માહોલમાં વાનગીઓ બનશે ચકાચક...


સોમનાથ બેસનનું નવુ નજરાણુ
"સોમનાથ બ્રાન્ડ બેસન"
વણેલા ગાંઠીયા, ફાફડા તેમજ ખમણ માટે સ્પેશ્યલ
તેમજ અમૂલ બેસન
મારૂતિ બેસન
અવધ સ્પે. કરકરો
અમૂલ સ્પે. કરકરો
અમુલ બેસન તેમજ અમુલ કરકરો ૫૦૦ ગ્રામ તથા ૧ કિલો પેકીંગમાં ઉપલબ્ધ
દરેક રીટેલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ
સોમનાથ બેસન ઇન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં.૮૨-૧, જી.આઇ.ડી.સી. અમરેલી
ફોન : ૨૪૦૧૧૧ / ૨૪૦૪૧૧ મો.૯૮૨૪૨ ૩૦૫૧૫

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૦૭-૨-૨૦૨૪ બુધવાર

# સોબત કરતા શ્વાનની બે બાજુનું દુઃખ ખિજ્યું કરડે પિંડીએ ને રિઝ્યુ ચાટે મુખ

જુના જમાનાની આ જાણીતી ગુજરાતી કહેવત હતી. માણસો અને કૂતરા વચ્ચેના સંબંધો ઘણીવાર મિત્રતાના હોય છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી કૂતરાઓના હુમલા અને હડકવાના કેસમાં વધારો થઈ રહ્યો છે, જેના કારણે સ્વાભાવિક રીતે જ ચિંતા વધી રહી છે. થોડા વર્ષો પહેલા દિલ્હીના જામિયા વિસ્તારમાં કૂતરાઓ દ્વારા કેટલાક નાના બાળકોને ખરડવાની ઘટનાઓ સામે આવી હતી. ત્યારપછી દેશના જુદા જુદા ભાગોમાંથી આવા સમાચાર આવતા રહ્યા. હડકવાથી થતા દુઃખદ મૃત્યુના કેટલાક વીડિયો પણ ફરતા થયા છે, જે કૂતરાના કરડવાથી ફેલાય છે. તાજેતરમાં જ દિલ્હીમાં એક માતા જ્યારે તેના બે વર્ષના બાળકને ખોળામાં લઈને જઈ રહી હતી ત્યારે તેના પર કૂતરાએ હુમલો કર્યો હતો. કોઈક રીતે તેણે બાળકને બચાવ્યો, પરંતુ બીજા કૂતરાએ તેના પર હુમલો કર્યો, જેમાં માતા અને બાળક બંનેને ઈજા થઈ. ગુજરાતમાં પણ લગભગ દરરોજ કૂતરા કરડવાના સમાચારો વહેતા રહે છે.

રખડતા કૂતરાઓથી લોકોને સુરક્ષા આપવાની જવાબદારી કોણ લેશે તે પ્રશ્ન છે. ઘણા અભ્યાસોએ દર્શાવ્યું છે કે કૂતરાઓમાં આક્રમકતા વધી રહી છે અને તેઓ હવે વધુ વખત માણસો પર હુમલો કરી રહ્યા છે. બાળકો ખાસ કરીને તેમના હુમલાનો આસાન શિકાર બને છે. આવી સ્થિતિમાં આ સંયોગો વધુ ચિંતાજનક બન્યા છે. કૂતરાઓના હુમલાથી તેમને બચાવવા માટે, એક કાયદો બનાવવામાં આવ્યો હતો કે સરકાર તેમની નસબંધી કરશે, જેથી તેમના સંતાનો વધી ન શકે. તેમને રસી આપવામાં આવશે જેથી કરડવામાં આવે તો તેમને હડકવા ન થાય. પરંતુ આ મામલે માત્ર શિથિલતા જોવા મળી રહી છે. મેટ્રોપોલિટન શહેરોમાં જ્યારે ફરિયાદ કરવામાં આવે છે, ત્યારે કૂતરા પકડવાનું વાહન આવે છે, પરંતુ ઘણીવાર કૂતરા તેને જોઈને ભાગી જાય છે અને તેમને ન તો હડકવા વિરોધી વેક્સિન આપવામાં આવે છે અને ન તો તેમની નસબંધી કરવામાં આવે છે.

આ કારણે, તેમની સંખ્યાને નિયંત્રિત કરવી મુશ્કેલ રહે છે. જો કે, ઘણા સામાન્ય લોકો પણ આ બાબતે તેમની નાગરિક જવાબદારી સમજી શકતા નથી. કૂતરા પ્રત્યેના પ્રેમથી તેઓ તેમને ખોરાક વગેરે આપતા રહે છે, ઘણા લોકો તેમની નસબંધી વગેરેનો વિરોધ પણ કરતા જોવા મળે છે. કેટલીક સંસ્થાઓ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ એક્ટ હેઠળ રખડતા કૂતરાઓને રક્ષણ પૂરું પાડે છે. કૂતરા પ્રત્યે માનવીય સહાનુભૂતિ સારી બાબત છે, પરંતુ જો તેના કારણે લોકો માટે ચાલવું મુશ્કેલ બની જાય અને તેના કરડવાથી કોઈને જોખમ ઊભું થાય તો તેને કોઈપણ રીતે યોગ્ય કહી શકાય નહીં. અન્ય ઘણા દેશોમાં, રખડતા કૂતરાઓને આવી સમસ્યા બનતી નથી કારણ કે તેમને નિયમિત રસીકરણ કરવામાં આવે છે. જો તેઓ અમુક સંજોગોમાં કરડે તો પણ હડકવાનું જોખમ રહેતું નથી.

જો કે, પાલતુ કૂતરાઓ પણ ક્યારેક લોકો માટે જોખમ ઊભું કરે છે. ઘણા માલિકો તેમના કૂતરાઓને બેદરકારીપૂર્વક બહાર લઈ જાય છે અને તેમને ધ્યાન વિના છોડી દે છે, અને તેઓ કોઈ પર હુમલો કરે છે. આવા ઘણા કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે જ્યારે કૂતરાઓ માટે પાડોશીઓ વચ્ચે ઝઘડા થયા છે અને કૂતરા માટે પાડોશીની હત્યા પણ કરી ચૂક્યા છે. દિલ્હી, મુંબઈ વગેરે શહેરોમાં સરકારે એવા નિયમો બનાવવા પડ્યા હતા કે જેઓ ચોક્કસ જાતિના કૂતરા પાળે છે તેઓએ તેમની નોંધણી કરવી પડશે. આ રીતે પાળેલા કૂતરાઓ પર નજર રાખી શકાય છે, પરંતુ રસી વગરના આક્રમક રખડતા કૂતરાઓ પર નજર રાખવાની જવાબદારી કોણ લેશે? કાયદા અનુસાર, નગરપાલિકાઓએ સમયાંતરે આ માટે વિશેષ ઝુંબેશ ચલાવવી જોઈએ. તેઓ નાગરિક સંરક્ષણ માટેની તેમની જવાબદારી ક્યારે સમજશે?

આપણી આસપાસ એવા ઘણા લોકોને આપણે જોઈએ છીએ કે જેઓ કૂતરાથી ખૂબ ડરે છે અથવા તો કેટલાક એવા લોકો છે જેમને વારંવાર કૂતરા કરડે છે. હવે આ આપત્તિમાં જ્યોતિષીઓ પણ પડ્યા છે. ભારતીય જ્યોતિષશાસ્ત્ર અનુસાર ઘુવડ અને કબૂતરની જેમ કૂતરાને પણ યમરાજનો દૂત માનવામાં આવે છે. જ્યોતિષશાસ્ત્રમાં કૂતરાને યમરાજ સાથે જોડવામાં આવ્યો છે અને તેને અશુભ માનવામાં આવે છે.

તેઓ તો વળી એમ કહે છે કે કુંડળીમાં કેટલાક એવા સંયોગ હોય છે જેના કારણે વ્યક્તિને વારંવાર કૂતરો કરડે છે...! જ્યોતિષ શાસ્ત્ર અનુસાર દરેક વ્યક્તિની કુંડળીમાં નવગ્રહની સ્થિતિ નક્કી કરે છે કે વ્યક્તિ કયા ગ્રહથી પીડિત છે, આવી સ્થિતિમાં રાહુ, શનિ અને કેતુ જો જન્મકુંડળીમાં મારક સ્થિતિમાં હોય તો તેનાથી નુકસાન થવાની સંભાવના રહે છે. જ્યારે કેતુ વ્યક્તિની કુંડળીમાં ૬ઠ્ઠા, ૮મા અને ૧૨મા ભાવમાં કમજોર હોય તો કૂતરો હુમલો કરી શકે છે. જો કે જેમને કૂતરા કરડ્યા હોય તેમને આ જ્ઞાન આપવા જતા તેઓ ખુદ તમારા પર હુમલો કરે એવી શક્યતા વધુ છે.

ભારતીય જ્યોતિષશાસ્ત્ર અનુસાર ઘુવડ અને કબૂતરની જેમ કૂતરાને પણ યમરાજનો દૂત માનવામાં આવે છે. જ્યોતિષશાસ્ત્રમાં કૂતરાને યમરાજ સાથે જોડવામાં આવ્યો છે અને તેને અશુભ માનવામાં આવે છે. ઋગ્વેદમાં કૂતરાના અવાજને ઘૃણાસ્પદ માનવામાં આવે છે. સૂત્રોમાં પણ કૂતરાને અપવિત્ર માનવામાં આવે છે. અન્ન સ્પર્શ અને દૃષ્ટિથી અશુદ્ધ થઈ જાય છે. ભૈરોન દેવતાને પ્રસન્ન કરવા માટે દરરોજ કૂતરાને રોટલી ખવડાવવાની પણ વ્યવસ્થા છે. શનિદેવને પ્રસન્ન કરવા માટે કાળા કૂતરાને રોજ રોટલી ખવડાવવી જોઈએ એમ પણ પુરાણો કહે છે.

# બાબરા તાપડીયા આશ્રમ નજીક ચાલીને આવતા પ્રૌઢને ફોરવ્હીલે હડફેટે ચડાવ્યા

### પાછળથી હડફેટે લઈ માથાના ભાગે ગંભીર ઈજા કરી નાસી ગયાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) બાબરા તાપડીયા આશ્રમ સામે હાઈવે રોડ ઉપર જમાલભાઈ હાજીભાઈ સૈયદ રહે. ઢસાવાળા રાત્રિના આઠેક વાગ્યે હોટેલમાં જમવા માટે ગયેલ હતા. એ જમીને પરત તાપડીયા આશ્રમની સામે હાઈવે રોડ ઉપર ચાલીને આવતા હોય. તે વખતે કોઈ અજાણ્યા ફોરવ્હીલના ચાલકે પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી પાછળથી હડફેટે લેતા માથાના ભાગે ગંભીર ઈજા કરી નાસી ગયાની રજાકભાઈ હાજીભાઈ સૈયદ રહે. ઢસાવાળાએ બાબરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી હાઉસીંગબોર્ડમાં બે મકાનોને નિશાન બનાવતા તસ્કરો

### સોના ચાંદીના દાગીના મળી રૂપિયા સવા લાખ ઉપરાંતની ચોરી



અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી ગુજરાત હાઉસીંગ બોર્ડ બ્લોક નંબર ઈ/૨૦૨જ ચામુંડા રાજુભાઈ હિંમતભાઈ સોલંકીના રહેણાંક મકાનમાં તા. ૨૦-૨૧-૧-૨૪ના રાત્રિના ૧૧ થી સવારના ૬ દરમ્યાન ઘરનો દરવાજો અંદરથી ખોલી અદર પ્રવેશી સોનાની વીંટી ગુરૂના નંગ વાળી ૬ ગ્રામ રૂ/.૨૪,૦૦૦ની તેમજ રૂદ્રાક્ષની સોનાથી મઢેલી માળા ૨૬ ગ્રામ રૂ/. ૧,૦૪,૦૦૦ ની મળી કુલ રૂ/. ૧,૨૮,૦૦૦ તથા ચિગભાઈ વિઠલભાઈ અજમેરાના ઘરેથી ચાંદીના બે કરડા રૂ/.૧૦૦૦ મળી કુલ રૂ/.૧,૨૯, ૦૦૦ ના મુદામાલની ચોરી કરી ગયાની પોલીસ ફરિયાદ થતા પોલીસે ગણતરીનાં દિવસોમાં તપાસ હાથ ધરી અને આરોપી ચેતનભાઈ પ્રકાશભાઈ રાઠોડને શોધી કાઢ્યો હતો. અને ચોરીનો મુદામાલ પણ રીકવર કર્યો હતો.

# અમરેલી જીલ્લામાં એલસીબી અને મરીન પીપાવાવ પોલિસ દ્વારા જુગારના દરાડા

### બે સ્થળોએ દરોડા પાડી ચાર મહિલા સહિત ૧૦ શખ્સોને રોકડ સાથે ઝડપી પાડયા

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી જીલ્લામાં જુદા જુદા બે સ્થળોએ પોલિસે જુગારના દરોડાઓ પાડયા હતા. જેમાં અમરેલી જેસીંગપરામાં એલસીબી પોલિસ અને રાજુલાના વિસળીયામાં મરીન પીપાવાવ પોલિસે ચાર મહિલાઓ સહિત ૧૦ શખ્સોને રોકડ રૂ/.૩૨,૬૦૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા. અમરેલી જેસીંગપરા શેરી નં -૫ માં બહારપરા બીકે. ટાંકના ડેલા પાસે શેરીમાં આવેલ બાબુભાઈ ભુરાભાઈ વારૈયાના મકાન પાસે જાહેરમાં હારજીતનો જુગાર રમતા સતિષ ઉર્ફે ચકો રઘુરામભાઈ ગોંડલીયા, ગીતાબેન વિઠલભાઈ ડાબસરા, લીલાબેન આંબાભાઈ ચાવડા, હંસાબેન બાબુભાઈ વારૈયા, હંસાબેન પ્રવિણભાઈ ગોહિલને એલસીબીના હે. કોન્સ. કિશનભાઈ આસોદરીયાએ રોકડ રૂ/.૧૧,૨૫૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા. જયારે રાજુલા તાલુકાના વીસળીયા ગામે જાહેરમાં જુગાર રમતા કાનો ઉર્ફે કનુ અરજણભાઈ હડીયા, કરીમ પ્યારઅલી ભીમડીયા, છના સોંડાભાઈ શીયાળ રોકડ રૂ/.૨૧,૩૫૦ના મુદામાલ સાથે મરીન પીપાવાવ પોલિસ મથકના પો. કોન્સ. નવીનભાઈ બારૈયાએ ઝડપી પાડયા હતા. જયારે રેઈડ દરમ્યાન શૈલેષ દેગણભાઈ જોળીયા, શૈલેષ બાબુભાઈ શીયાળ નાસી ગયા હતા.

# ચમારડીમાં કુંટુંબીએ ધમકી આપતા મહિલાએ ફીનાઈલ પીધું

### કુંટુંબીઓએ ધમકી આપતા પગલું ભર્યાનું જાહેર કરાયુ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) બાબરા તાલુકાના ચમારડી ગામે રહેતી કૈલાસબેન મહેશભાઈ દાફડા ઉ.વ. ૩૦ પોતાના ઘરે કપડા ધોઈને ડોળ કાઢવા જતા હોય તે દરમ્યાન તેના કુંટુંબી નીમુબેન વિનુભાઈ દાફડાએ કહેલ કે તું મારી સાથે અવાર નવાર જીભાજોડી કરે છે. તેમ કહી ધમકી આપી દુધીબેન સવજીભાઈ, દિપાબેન ગૌતમભાઈ, અશોક હીરાભાઈ દાફડાએ ગાળો બોલી ધમકી આપતા પોતે પોતાની મેળે ઘરે જઈ ફીનાઈલ પી જતા સામાવાળાઓએ એકબીજાએ મદદગારી કર્યાની બાબરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સીસીટીવીની મદદથી પાકીટ શોધી મુળ માલિકને પરત કરતી દામનગર પોલિસ ટીમ



અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) દામનગર પોલિસ સ્ટેશન વિસ્તારમાં રાભડા ચોકડી પાસે તા. ૪-૨ ના ભરતગીરી નટવરગીરી ગોસાઈ શાકભાજીની લારીએ પૈસા ચુકવવા પાકીટ કાઢયા બાદ રસ્તામાં પાકીટ પડી જતા દામનગર પોલિસને જાણ કરતા સીસીટીવી ફુટેજ ચેક કરતા રાભડા ચોકડી પાસે એક સ્પ્લેન્ડર લઈને જતા શખ્સોમાંથી એક શખ્સે ઉતરી નીચે પડેલ પાકીટ લેતા જોવા મળેલ. તેને ટ્રેસ કરી મળી આવતા પોલિસે પુછપરછ કરતા રાભડા ચોકડીએ આવેલ શાકભાજીની લારી પાસેથી પાકીટ મળ્યાનું જણાવતા પી.એસ.આઈ. બી.પી. પરમારની સુચના અને માર્ગદર્શન હેઠળ સી.ટીમ કર્મચારી તથા હે. કોન્સ. કે.આર. સાંખટ, પો.કોન્સ. જયંતિભાઈ વાઘેલા, સર્વેલન્સ સ્ટાફના પો. કોન્સ. હર્ષદભાઈ ડાભીએ મુળ માલિકને શોધીને પાકીટ પરત કરેલ. જેમાં આધારકાર્ડ, પાનકાર્ડ, એટીએમકાર્ડ બે નંગ, ક્રેડીટ કાર્ડ, તથા રોકડ સહિત સહીસલામત પરત કરવામાં આવ્યું હતું.

### પોતાના મોટા બા શ્રી જયાબેન ધરજીયાનું નિધન થતા સાંત્વના પાઠવવા બદલ

# શ્રી સંઘાણી, શ્રી સોજીત્રા અને ડો. કાનાબારનો આભાર માનતા શ્રી કૌશીકભાઇ ધરજીયા

### કોળી સમાજનાં મોભી અને વાડીના નિર્માતા શ્રી નનકુભાઇ ધરજીયાનાં પુત્ર અને રાજકીય આગેવાન શ્રી કૌશીક ધરજીયાએ આભાર માન્યો

અમરેલી, પોતાના મોટા બા શ્રી જયાબેન ધરજીયાનું નિધન થતા સાંત્વના પાઠવવા બદલ શ્રી દિલીપભાઈ સંઘાણી, શ્રી પી.પી. સોજીત્રા અને ડો.ભરત કાનાબાર સહિતનો કોળી સમાજનાં મોભી અને વાડીના નિર્માતા શ્રી નનકુભાઈ ધરજીયાનાં પુત્ર અને રાજકીય આગેવાન શ્રી કૌશીક ધરજીયાએ આભાર માન્યો હતો.

# ભાવનગરનાં નાસતા ફરતા આરોપીને બાબરા પોલીસે ઝડપી લીધો



અમરેલી, ભાવનગર રેન્જ .આઈ.જી. ગૌતમ પરમાર તથા પોલિસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા અમરેલી જીલ્લામાં બનતા મારામારી લુંટધાડ, ચોરી જેવા ગુનામાં આરોપીઓને પકડી પાડવા આપેલ સુચના તેમજ ના. પો. અધિ. જે. પીભંડારીના માર્ગદર્શન હેઠળ બાબરાના પી.આઈ. સી.એસ.કુગસીયા, એ.એસ.આઈ.જે.આર. હેરમા, હે.કોન્સ. બી.પી. ડોડીયા, આર.જી. રાઠોડ, પો.કોન્સ. મહાવીરસિંહ સિંધવ, ગોકુળભાઈ રાતડીયા, નટુભાઈ મકવાણા દ્વારા ભાવગનર જીલ્લાના ગંગાજળીયા પોલિસ મથકમાં મારામારીના ગુનામાં હાલ ભાવનગર મુળ બાબરા તાલુકાના કરીયાણા ગામના ભરત ઉર્ફે ભાવેશ નાનજીભાઈ વાઘેલાએ ઝડપી પાડયો હતો.

# ટીંબી સ્વામિનારાયણ મંદિરે શાકોત્સવ ઉજવાયો

### મંદિરે શાકોત્સવમાં શ્રીલાલજી મહારાજની અમૃતવાણીનો લાભ લેતા હરીભક્તો



ટીંબી, (હિંમતદાદા) જાફરાબાદ તાલુકાના ટીંબી ગામે પટેલવાડીમાં વડતાલ સ્વામિનારાયણ ગુરૂકુળના વડા શ્રીલાલજી મહારાજ તથા સંતોની ઉપસ્થિતિમાં શાકોત્સવ ઉજવાયો હતો. જેમાં મોટી સંખ્યામાં હરીભકતોએ ઉપસ્થિત રહી શ્રીલાલજી મહારાજની અમૃતવાણીનો લાભ લીધો હતો. આ પ્રસંગે, ટીંબી, છેલણા, હેમાળ, માણસા, જામકા, કાકીડી, નાળયેરીમોલી, ઉના ઉંટવાળા, રાજુલાના ગામડામાંથી હરીભકતો ફોરવ્હીલ, ટુવ્હીલ, ટ્રેક્ટર, રીક્ષાઓમાં આવ્યા હતા. અને અંદાજે ૧૦૦૦ થી ૧૫૦૦ હરીભકતોએ શાકોત્સવની પ્રસાદીનો લાભ લીધો હતો. લોકોમાં કુદરતી ઉત્સાહ જોવા મળ્યો હતો. અહીંના મંડળોએ સખત જહેમ ઉઠાવી હતી. શાકોત્સવમાં આ વિસ્તારના ધારાસભ્યના પ્રતિનિધિ તરીકે ભાવેશભાઈ સોલંકી, ભાજપના આગેવાન તથા પુર્વ જીલ્લા પંચાયતના ચેરમેન મનુભાઈ વાળા, પુર્વ વેપારી પ્રમુખ મહાસુરભાઈ જાની, ટીંબીના સરપંચ રમેશભાઈ, પત્રકાર હિંમતદાદા વગેરેએ મહારાજશ્રીના આશીર્વાદ લીધા હતા.

### જુનાગઢ રાધારમણદેવ તાબાના શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા

# અમરેલીમાં ભવ્ય શાકોત્સવ ઉજવાયો

### ભાવિ આચાર્ય નુગેન્દ્રપ્રસાદજી મહારાજ અને સંતોની વાણીનો લાભ લેતા હરીભક્તો



જુના વાઘણીયા, (મગનભાઈ સરવૈયા) જુનાગઢ દેશ રાધારમણદેવ તાબાના અમરેલી લીલીયા રોડ ખેડુત તાલીમ કેન્દ્રમાં તા. ૪-૨ ના પુ. ભાવિ આચાર્ય શ્રી નુગેન્દ્રપ્રસાદજી મહારાજના સાનિધ્યમાં ભવ્ય શાકોત્સવ ઉજવાયો હતો. જેમાં જુનાગઢ મંદિરના પુર્વ મહંત સાખી સ્વામી પ્રેમસ્વરૂપ દાસજી, મહંત શાસ્ત્રી સ્વામી, ભકિત પ્રસાદદાસજી, ગોવિંદ સ્વામી વાઘોડીયા, ગઢપુર મંદિરથી કોઠારી સ્વામી બાલકૃષ્ણ દાસજી, કાકાસ્વામી, વડતાલ થી શ્રીજ્ઞાન સ્વામી, શ્રી શ્યામસ્વામી સહિત સંતો ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે નાયબ ઉપદંડક અને અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, સાંસન નારણભાઈ કાછડીયા ખાસ ઉપસ્થિત રહયા હતા. આ શાકોત્સવમાં મોટી સંખ્યામાં હરીભકતોએ લાભ લીધો હતો.

# બગસરા પંથકમાં શહેર ભાજપ દ્વારા બુથ ચલો અભિયાન વર્કશોપ મિટિંગનું આયોજન કરાયું



બગસરા, (સમીર વિરાણી) બગસરામાં શહેર ભાજપ દ્વારા બુથ ચલો અભિયાન વર્કશોપ મિટિંગનું આયોજન નગરપાલિકામાં કરાયું હતું જેમાં ઈન્ચાર્જ તરીકે રિતેશભાઈ સોની તથા સહ ઈન્ચાર્જ તરીકે મનોજભાઈ મહિડા તથા બગસરા શહેર ભાજપ પ્રમુખ ધીરુભાઈ કોટડીયા તથા જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ રંજનબેન ગોહિલ એવી રીબડીયા ઉપસ્થિત રહ્યા હતા આ તો કેઈન્ચાર્જ રીતેશભાઈ સોની તથા મનોજભાઈ મહિડા દ્વારા આવેલ કાર્યકર્તાઓને જરૂર મુજબ માર્ગદર્શન આપ્યું હતું તેમજ શહેર ભાજપ પ્રમુખ ધીરુભાઈ કોટડીયા દ્વારા તમામ બુથમાં જે લોકોને કામગીરી કરવાની છે તેમના નામ જાહેર કર્યા હતા કાર્યક્રમની આભાર વિધિ રાજુભાઈ ગીડા એ કરી હતી.

# ગ્રહોની ચાલ




રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

## આજનું પંચાગ

તા. ૭.૨.૨૦૨૪ બુધવાર, સંવંત ૨૦૮૦, પોષ વદ બારસ, પૂર્વાષાઢા નક્ષત્ર, વજ યોગ, ગર કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ ધન (ધ,ભ,ફ,ઢ) રહેશે.

## શનિ મહારાજ લગભગ ૩૫ દિવસ માટે અસ્ત ના રહેશે



૧૨ ફેબ્રુઆરીથી શનિ મહારાજ અસ્તના થવા જઈ રહ્યા છે જેની વ્યાપક અસર દેશ અને દુનિયા પર પડશે. શનિ મહારાજ ન્યાયના કારક છે, બાંધકામ, ખાણ ખનીજથી લઈને લેબર અને રાજનીતિ સુધી શનિમહારાજ અસર કરે છે વળી શનિ પ્રજાનો અવાજ પણ છે! શનિના અસ્ત થવા સાથે રાજનીતિમાં ઘણા ખેરખાંની ઈનિંગ પુરી થતી જોવા મળશે કેટલાક ન્યાયાધીશો પણ આ સમયમાં કોઈ ને કોઈ રીતે તેમની ઈનિંગ પુરી કરશે અને અદાલતો ચર્ચામાં પણ રહેશે! રાજનીતિમાં ઘણા ઉલટફેર જોવા મળશે લેબરની તકલીફો વધશે અને મોટી સાઈટ પર મજદૂરો બાબતે કાળજી લેવી પડે વળી શેરબજારમાં અચાનક મોટી ગિરાવટ જોવા મળશે તો કોઈ ને કોઈ રીતે લોકોના પૈસા ડૂબતા જોવા મળે! વાહનથી અને અકસ્માતથી ખાસ સંભાળવા જેવો સમય અને વિશ્વમાં કેટલાક દેશ વચ્ચે આ સમયમાં ઘર્ષણ ઉભું થતું જોવા મળે વળી હથિયારોના મોટા સોદા આ સમયમાં ઘોચમાં પડતા જોવા મળે વિવાદનું કારણ બને અને ગુપ્ત સોદાની વિગતો બહાર આવતી જોવા મળે! આ સમયમાં ગુપ્તચર સંસ્થાઓ મહત્વની કામગીરી કરે અને વિશ્વના રાજકારણની દિશા પણ બદલાતી જોવા મળે!! શનિ વૃદ્ધ લોકોનું પ્રતિનિધિત્વ કરતા હોય આ સમયમાં ઉંમરલાયક લોકોને તબિયતમાં સંભાળવું પડે!! ખાસ પગના અને સાંધાના દુખાવા જોર પકડે.ચ ખાણને લગતી દુર્ઘટનાઓ થી આ સમયમાં સંભાળવું પડે!

મેષ (અ,લ,ઈ) : ભાગ્ય ની દેવી રીઝતી જણાય, નવીન તક હાથ માં આવે, મહત્વના કાર્ય સ્વર બાજુ કરવા.
વૃષભ (બ,વ,ઉ) : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણ માં આવે, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, દિવસ મધ્યમ રહે.
મિથુન (ક,છ,ઘ) : ભાગીદારીમાં કામ હોય તો લાભ મેળવી શકો, દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.
કર્ક (ડ,હ) : શત્રુઓ થી સાવધાન રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવા સલાહ છે, અંગત લોકોમાં મતભેદ રહી શકે .
સિંહ (મ,ટ) : સંતાન અંગે સારું રહે, અંગત સંબંધો સુધારી શકો, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.
કન્યા (પ,ઠ,ણ) : જમીન મકાન વાહન સુખ સારું રહે, પ્રોપર્ટી બાબતે નિર્ણય કરી શકો, આગળ વધવાની તક મળે.
તુલા (ર,ત) : નોકરિયાતવર્ગને સારું રહે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, નવા કાર્ય માં લાભ મેળવી શકો.
વૃશ્ચિક (ન,ય) : આર્થિક બાબતો માં સારું રહે, બેન્ક બેલેન્સ વધારી શકો, ધાર્યા કામ પાર પાડી શકો.
ધન (ધ,ભ,ફ,ઢ): મિત્રોની મદદ મળી રહે, કામકાજ માં સફળતા મળે, દિવસ પ્રગતિકારક રહે.
મકર (ખ,જ) : ખર્ચ પર અંકુશ રાખવો જરૂરી, બજાર બાબતનું ગણિત સંભાળી ને કરવું, વધુ વિશ્વાસે ના ચાલવું.
કુંભ (ગ,સ,શ) :સગા સ્નેહી મિત્રો થી સારું રહે, કાર્ય માં પ્રગતિ કરી શકો, નવી દિશા ખુલતી જણાય.
મીન (દ,ચ,ઝ,થ): નવા કાર્ય અંગે ઠોસ કદમ ઉઠાવી શકો, આશાનું કિરણ જોવા મળે, પ્રગતિકારક દિવસ.

# ધારી એસટી ડેપોના કંડકટર અને ડ્રાઇવરની પ્રમાણિકતા



ધારી, (ઉદય ચોલેરા) ધારી ડેપોમાંથી ચાલતી મહુવા જુનાગઢ બસમાં એક પેસેન્જરનું બેગ ભુલાઈ ગયેલ હતું. જે બેગમાં વિઝીંટીગ કાર્ડના આધારે તેમની શોધીને બેગ પરત કરવામાં આવી હતી. બેગમાં જરૂરી ડોકયુમેન્ટ, એટીએમ તેમજ ૧૦ હજાર રોકડ જે પેસેન્જરનું હતુ તેમને ધારી ડ્રાઈવર મહેશભાઈ વાળા તેમજ કંડકટર હેતલબેન દ્વારા મુળ માલિકને પરત કરી પોતાની પ્રામાણિકતા દાખવી હતી.

# પશુઓનાં શિંગડાં હવે અંધારામાં રેડીયમથી ઝગમગશે

### અમરેલીમાં શક્તિ ગ્રુપ દ્વારા ઉમદા કામગીરી



અમરેલી, અકસ્માતો અટકાવવા યુવાનોએ રસ્તાઓ પર રખડતાં પશુઓને રેડિયમ લગાવાની કામગીરી શરૂ કરી અમરેલી શહેરમાં શક્તિ ગ્રુપ નાં યુવાનો જીવદયાપ્રેમી યુવાનો કેટલાક સમયથી લોકો ઉપયોગી પ્રવૃતિઓ કરી રહ્યા છે રખડતાં પશુઓ ને રેડિયમ લગાવાની કામગીરી શરૂ કરવામાં આવી છે યુવાનો શહેર ના જુદા જુદા ફરી ને પશુઓને રેડિયમ લગાવાની છે ગૌતમ વાળા અશોક વાળા પરેશ પરમાર ચિરાગ સાદરાણી ગૌરવ મહેતા વિજય ધંધુકિયા સંજય ધુંધળવા સહિત યુવાનો જોડાયા હતા રેડિયમ લગાવાની કામગીરી શહેરમાં ૫ દિવસ ચાલી રહી છે.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૧૦૫૦ થી ૧૪૫૧ મગફળી ૧૦૦૦ થી ૧૩૪૯

| | | | |
|---|---|---|---|
| અમરેલી માર્કેટ યાર્ડ | લસણસુકું-૪૫૦૦-૬૦૦૦ | ધારી | ધાણા-૯૪૧-૧૧૫૫ |
| શિંગમઠડી-૧૧૦૦-૧૨૮૦ | લીંબુ-૧૬૦૦-૧૮૦૦ | કપાસ-૧૦૦૧-૧૪૨૬ | સોયાબીન-૭૪૫-૮૧૪ |
| શિંગમોટી-૧૦૦૦-૧૩૪૯ | પાલક-૨૫૦-૩૫૦ | મગફળી-- | બાજરો-૪૦૫-૪૯૧ |
| જુવાર-૪૫૦-૮૫૦ | રાજુલાયાર્ડ | તુવેર-૧૬૭૦-૧૯૦૦ | તુવેર-૧૪૪૦-૧૭૦૭ |
| તલસફેદ-૧૯૦૦-૩૧૭૦ | બાજરો-૪૩૫-૫૧૬ | સોયાબીન-૮૦૫-૮૦૫ | તલસફેદ- |
| તલકાશ્મીરી-૩૭૩૫-૪૦૫૩ | જુવાર-૪૬૦-૯૦૦ | ચણા-૧૦૨૬-૧૦૨૬ | મગ-૧૨૫૫-૧૨૫૫ |
| બાજરો-૪૩૪-૫૨૪ | ઘંઉ-૪૬૮-૬૧૪ | ઘઉં-૪૭૦-૫૨૯ | |
| ઘઉંટુકડા-૪૦૦-૬૧૦ | તલસફેદ-૨૫૦૦-૨૮૫૧ | જુવાર- | અમરેલીફ્રુટમાર્કેટભાવ |
| ઘઉંલોકવન-૪૭૭-૫૮૩ | તળપીળા-૩૮૦૦-૩૮૫૦ | ધાણા-૧૨૨૧-૧૨૨૧ | ચીકુ-૪૦૦-૮૦૦ |
| એરંડા-૧૦૮૭-૧૦૯૬ | ચણા-૧૦૬૦-૧૨૦૧ | | દાડમ-૪૦૦-૧૬૦૦ |
| ચણા-૮૦૦-૧૧૨૫ | રાજગરો- ૨૩૦૦-૨૩૦૦ | સાવરકુંડલા માર્કેટયાર્ડ | મુસંબી-૬૦૦-૧૦૦૦ |
| કપાસ-૧૦૫૦-૧૪૫૧ | તુવેર-૧૯૫૦-૧૯૫૦ | શીંગમોટી-૮૩૧-૧૪૦૦ | જામફળ-૬૦૦-૮૦૦ |
| ધાણા-૮૦૦-૧૨૯૨ | કપાસ-૯૦૧-૧૪૩૧ | તલસફેદ-૨૫૪૧-૨૯૩૦ | તરબુચ-૨૦૦-૩૫૦ |
| સોયાબીન-૮૪૯-૮૫૧ | શીંગ-૧૦૯૦-૧૩૪૧ | જીરૂ-૪૦૦૦-૬૦૦૧ | કીવી-૩૫૦૦-૫૦૦૦ |
| તુવેર-૧૦૦૦-૨૦૬૧ | મગ-૨૦૫૧-૨૦૫૧ | તુવેર-૧૬૭૫-૨૧૧૨ | ડ્રેગન ફ્રુટ-૧૬૦૦-૨૦૦૦ |
| મરચાલાંબા-૧૦૦૦-૩૭૫૦ | મહુવાયાર્ડ | કપાસ-૧૧૦૦-૧૪૪૩ | બોર-૨૦૦-૩૦૦ |
| અમરેલી શાકભાજી | ઘઉં-૪૯૦-૭૨૬ | ઘઉં-૪૮૫-૫૮૦ | કેળા-૪૦૦-૫૫૦ |
| બટેટા-૨૨૦-૨૬૦ | બાજરી-૪૨૬-૫૨૬ | બાજરો-૪૦૦-૫૩૮ | પોપૈયા-૩૦૦-૫૦૦ |
| રીંગણા-૩૦૦-૪૦૦ | ડુંગળીલાલ-૧૧૧-૨૬૮ | ધાણા-૧૦૫૧-૧૬૧૫ | સફરજન હિમાચલ- |
| ફલાવર-૨૦૦-૩૦૦ | ડુંગળીસફેદ-૨૧૫-૩૧૯ | ચણા-૯૫૦-૧૧૫૧ | સ.કાશ્મીર-૧૫૦૦-૨૦૦૦ |
| કોબીઝ-૨૦૦-૨૮૦ | તલસફેદ-૨૬૦૦-૨૭૦૧ | સોયાબીન-૮૨૫-૮૬૧ | અનાનસ-૯૦૦-૧૨૦૦ |
| ટમેટાં-૩૫૦-૫૦૦ | મગ-૧૫૯૯-૨૦૭૫ | એરડી-૯૫૦-૧૦૯૧ | અંગુર-૫૦૦-૧૦૦૦ |
| સુરણ-૧૧૦૦-૧૨૦૦ | જુવાર-૪૪૩-૯૫૮ | દેશીચણા-૧૨૦૧-૧૪૦૦ | |
| ગાજર-૧૬૦-૩૦૦ | ચણા-૯૦૨-૧૨૦૦ | ખાંભા | લીલીયા |
| દુધી-૧૪૦-૧૬૦ | તુવેર-૧૭૯૫-૨૦૦૦ | કપાસ-૧૧૪૦-૧૪૩૧ | કપાસ-૧૦૩૫-૧૪૪૧ |
| કારેલા-૪૦૦-૫૫૦ | અડદ-૧૧૦૦-૧૫૦૦ | મગફળી-૧૧૮૧-૧૧૮૧ | |
| ગલકા-૫૦૦-૮૦૦ | કપાસ-૯૩૦-૧૨૨૬ | ઘઉં-૬૦૧-૬૦૧ | |
| કાકડી-૪૦૦-૬૦૦ | સોયાબીન-૭૭૬-૮૫૧ | તુવેર-૧૪૦૧-૧૮૧૫ | |
| ગુવાર-૮૦૦-૧૨૦૦ | | જુવારસફેદ- | |
| ચોળાલીલા-૫૦૦-૬૦૦ | બાબરા | રાજગરો-૧૨૮૦-૧૨૮૦ | |
| તુરીયા-૭૦૦-૮૦૦ | કપાસ-૧૧૮૦-૧૪૬૪ | સોયાબીન-૭૭૧-૭૭૧ | |
| ભીંડો-૪૫૦-૬૫૦ | ધાણા-૧૦૮૫-૧૧૨૫ | ચણા-૧૦૯૧-૧૦૯૧ | |
| આદુ-૧૮૦૦-૨૪૦૦ | ચણા-૯૬૬-૧૧૦૪ | | |
| કોથમીર-૧૮૦-૩૦૦ | ઘઉં-૪૬૦-૫૯૦ | બગસરા | |
| મેથીભાજી-૧૫૦-૨૫૦ | તુવેર-૧૫૨૮-૧૯૫૨ | કપાસ-૧૦૦૦-૧૪૬૮ | |
| વાલ-૪૦૦-૬૦૦ | તલસફેદ-૨૪૬૦-૨૬૨૦ | ચણા-૭૧૦-૧૦૮૭ | |
| લીમડોમીઠો-૭૦-૧૧૦ | મગફળી-૧૧૮૮-૧૨૩૨ | મગફળી-૭૦૦-૯૨૦ | |
| મરચાલીલા-૪૦૦-૬૦૦ | | ઘઉં-૫૨૦-૫૬૧ | |

### અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન ૩૨
ન્યુનતમ તાપમાન ૭.૮
ભેજનું પ્રમાણ ૭૭
પવનની ગતિ સરેરાશ-.૩.૪

બાલક્રિષ્ના ટ્રેક્ટર્સ
પ્રસ્તુત છે નવુ આયસર 188 (મીની) ટ્રેક્ટર
ગવર્મેન્ટ સબસીડી માન્ય
નાનુ મોટુ બધુ કામ થયુ આસાન
● ઓઇલ બ્રેક
● મલ્ટિ સ્પીડ પી.ટી.ઓ.
● સાઇડ ગેર
રાજુલા, સાવરકુંડલા, અમરેલી મો.૯૯૦૪૩૨૨૬૬૧/૬૩/૬૫

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર આવૃતિ
પાના નં. ૮ તા.૦૭-૨-૨૦૨૪ બુધવાર

ખરજવાની જળો દ્વારા અપાતી અકસીર સારવાર
સુકા, તથા લીલા ખરજવા, ધાધર, શીળસ, ખુજલી, ખસ, લોહી, ગંઠાઈ જવું પાકી ગયેલ રસોળી, ગડગુમડ, સફેદ ડાઘ, સોરાયસીસ, સાંધાનો-વાનો માથાનો દુ:ખાવો, ખીલ, વાઢીયા, કરોળીયા, હર્પીસ, હરસ-મસા-ભંગદર, જેવા હઠીલા રોગોના જળો દ્વારા ખરાબ લોહી ચુસીને 100% મટાડી શકાય છે.
કૈલાશ કલીનીક
જળો દ્વારા કુદરતી ઉપચાર કેન્દ્ર
ડો. એલ.એલ. બાવળીયા B.A.M.S., M.D. (H.M.)
ડો. ભરત એલ. બાવળીયા B.A.S.M., M.D. (H.M.)
હનુમાન પરા રોડ, મોહન નગર, અમરેલી. ફોન :- (૦૨૭૯૨) ૨૩૨૫૦૭૫

નાયબ પોલીસ અધિકારી શ્રી સીબી સોલંકી તથા પીઆઇશ્રી પારગીનાં માર્ગદર્શન નીચે

# બગસરામાં પોલીસ અને પબ્લીક વચ્ચે રસાકસીભરી ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઇ

## ક્રિકેટ મેચમાં વિજેતા થયેલ ટીમોને સન્માનિત કરવામાં આવી : પ્રોત્સાહન અપાયું



બગસરા, (સમીર વિરાણી)

બગસરા પોલીસ સ્ટેશનના પ્રો.ના.પો.અધિ શ્રી. સી.બી.સોલંકી સા તથા પો.ઈન્સ શ્રી કે.સી.પારગી સા ના સીધા માર્ગદર્શન હેઠળ બગસરા ટાઉન વિસ્તાર માંપોલીસ તેમજ પબ્લીકની ક્રિકેટ ટીમો બનાવી સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત ક્રિકેટ મેચ નું આયોજન કરવામાં આવેલ.

આ ક્રિકેટ મેચમાં ખંત ઉત્સાહ પુર્વક લોકો એ ભાગ લઈ ક્રિકેટ મેચ નું અયોજન સફળ બનાવેલ. તેમજ અંતે વિજેતા થયેલ ટીમને સન્માનીત કરવામાંઆવેલ.

ભગવાન સૌનું ભલુ કરો...
– રાજી રેજો
પ.પૂ. યોગીજી મહારાજ

NCT CANDOR IVF CENTER (ટેસ્ટટ્યુબ સેન્ટર)
હવે...તમારા ઘરે પણ ગુંજશે ખુશીઓની કિલકારી...
એકમાત્ર અમરેલી જીલ્લાનુ IVF CENTER (ટેસ્ટ ટ્યૂબ બેબી સેન્ટર)
ડૉ. ચેતના મુરારકર M.B.B.S., DGO (Laparoscopic Surgeon & IVF Specialist)
ડૉ. જયદેવ ધામેલીયા MBDGO IVF Specialist (14 years Experience)
કોણ લાભ લઈ શકે ?
મહિલા
■ બંધ ટ્યૂબ.
■ વારંવાર IUI માં નિષ્ફળતા.
■ અનિયમિત માસિક.
■ ગર્ભાશયમાં ગાંઠ હોવી (PCOD).
પુરુષ
■ ઓછા શુક્રાણુ.
■ શુક્રાણુઓની ઓછી ગતિશીલતા અને ખરાબ ગુણવત્તા.
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
99253 94276 | 99789 66629

આદિજાતિ ઉત્કર્ષ માટે આશાભર્યું બજેટ
ગુજરાત સરકાર
બજેટ ૨૦૨૪-૨૦૨૫
ગરવું, ગુણવંતુ, ગ્રીન, ગ્લોબલ, ગતિશીલ 5G ગુજરાત
બજેટ ૨૦૨૪-૨૫ ની આછેરી ઝલક
**વિકાસ કામો:** ન્યૂ ગુજરાત પેટર્ન હેઠળ આદિજાતિ વિસ્તારોમાં સ્થાનિક ધોરણે હાથ ધરવામાં આવતા વિકાસ કામો માટેની ફાળવણીમાં **૧૦૦ ટકા**નો વધારો
**વીજ જોડાણ:** આદિજાતિ, સાગરકાંઠા તથા અન્ય વિસ્તારોમાં નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવા માટે ₹**૧૦૧૭ કરોડ**નો થશે ખર્ચ
**જૂથ પાણી પુરવઠા યોજના:** ડાંગના ૨૭૬ ગામો અને ત્રણ તાલુકામાં જૂથ પાણી પુરવઠા યોજના અંતર્ગત ₹૮૯૬ કરોડના ખર્ચનું આયોજન
**વિદ્યાર્થીઓને સહાય:** આદર્શ નિવાસી શાળાઓ, આશ્રમશાળાઓ અને ઈ.એમ.આર.એસ. મળીને કુલ ૮૩૭ જેટલી શાળાઓના અંદાજિત ૧ લાખ ૫૨ હજાર વિદ્યાર્થીઓને સહાય માટે ₹**૭૩૫ કરોડ**ની ફાળવણી
**શિષ્યવૃત્તિ:** અંદાજે ૨ લાખ વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ આપવા ₹**૫૮૪ કરોડ**ની ફાળવણી
**બાંધકામ:** આદર્શ નિવાસી શાળા, સરકારી છાત્રાલય, એકલવ્ય મોડેલ રેસિડેન્શીયલ સ્કૂલ અને ગર્લ્સ લિટરસી સ્કૂલ્સના બાંધકામ માટે ₹**૫૩૯ કરોડ**નું આયોજન
**ગણવેશ સહાય:** ધો. ૧ થી ૮માં અભ્યાસ કરતાં અંદાજે ૧૩ લાખ ૫૦ હજાર વિદ્યાર્થીઓને ગણવેશ સહાય માટે ₹**૧૨૦ કરોડ**ની ફાળવણી
**દૂધ સંજીવની યોજના:** આદિજાતિ અને વિકાસશીલ તાલુકાઓમાં બાળકો, સગર્ભા, ધાત્રીમાતાઓને ફ્લેવર્ડ ફોર્ટિફાઈડ દૂધ આપવા માટે ₹**૧૩૨ કરોડ**ની ફાળવણી
**આરોગ્ય સુવિધા:** આદિજાતિ વિસ્તારોમાં સ્પેશ્યાલિટી હોસ્પિટલ અને નર્સિંગ હોમ-ડિસ્પેન્સરી શરૂ કરવા માટે ડૉક્ટરોને હોસ્પિટલ ખર્ચમાં સબસિડી આપવા માટે ₹**૧૩ કરોડ**નું પ્રાવધાન

POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહીં શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ...
100 - 150 200 - 300 લીટર માં ઉપલબ્ધ
૧૦૦% ફૂડ ગ્રેડ મટીરીયલ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
14 વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૦૭૯ ૦૭૯૭૯

## દુ:ખદ અવસાન / બેસણું



**સ્વ. કિરીટભાઇ હિંમતભાઇ સેંજલિયા (ઉ.વ.૫૩)**
**સ્વ.તા.૦૫-૦૨-૨૦૨૪ ને સોમવાર**

અમારા પુત્ર / ભાઈ કિરીટભાઈ હિંમતભાઈ સેંજલિયા (ઉ.વ.૫૩) તા.૦૫-૦૨-૨૦૨૪ ને સોમવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. ઈશ્વરને ગમ્યુ તે ખરૂ. પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને પોતાના ચરણોમાં સ્થાન અર્પે.

**સદગતનું બેસણું**
તારીખ : ૦૮-૦૨-૨૦૨૪ ને ગુરૂવાર
સમય : બપોરે ૩:૦૦ થી ૬:૦૦ કલાકે
સ્થળ : પટેલવાડી, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી
હાર્દિક સેંજલિયા મો.૯૮૭૯૦ ૯૨૦૦૦ / વિશાલ સેંજલિયા મો.૯૯૦૯૫ ૭૭૧૭૭

લી.
હિંમતભાઇ પરસોતમભાઇ સેંજલિયા
વિઠલભાઇ પરસોતમભાઇ સેંજલિયા
હાર્દિક હિંમતભાઇ સેંજલિયા
ધર્મેશભાઇ વિઠલભાઇ સેંજલિયા
વિશાલ કિરીટભાઇ સેંજલિયા
હરેશભાઇ વિઠલભાઇ સેંજલિયા
શ્રીજી મોબાઇલ પરિવારના જયશ્રી કૃષ્ણ